સમય: ૩ કલાક **LOTUS - Gujarati** ગુણ :૮૦

(વિદ્યાર્થીઓ માટે સૂચના)

→ આકલનકૃતિ અને વ્યાકરણ કૃતિ માટે જ્યાં જરૂરી જણાય ત્યાં આકૃતિઓ દોરવી.

→ આકૃતિઓ પેનથી જ દોરવી,પેન્સિલથી નહિ.

→ આકૃતિમાંનું મજકૂર પેનથી જ લખવું.


→ જરૂરી જણાય ત્યાં ઉત્તરપૂર્ણ વાક્યમાં લખવા.

→ લેખન વિભાગમાંના નિવેદન કે સૂચના ફરીથી લખવા નહિ.

## વિભાગ – ૧ ગદ્ય (૨૦ ગુણ)

કૃતિ – ૧(અ) નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો. (૦૨)

(૧) શબ્દ જાળ પૂર્ણ કરો




> અલી મૂળ હોશિયાર શિકારી હતો. પછી ધીમેધીમે એ અભ્યાસમાં એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દૃષ્ટિ પડે કે તરત તેના હાથમાં તેતર આવી જ પડ્યું હોય ! એની તીક્ષ્ણ દૃષ્ટિ સસલાની ખોમાં જઈ પહોંચતી. આસપાસના સૂકા, પીળા 'કાસઠા'ના કે રાંપડાના ઘાસમાં સંતાઈને સ્થિર કાન કરી બેઠેલા ચતુર સસલાના ભૂરા મેલા રંગને ક્યારેક ખુદ શિકારી કૂતરા જુદો ન પાડી શકતા, આગળ વધી જતા ને સસલું બચી જતું, પરંતુ ઈટાલીના ગરુડ જેવી અલીની દૃષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી અને બીજી જ પળે તે રહેતું નહિ. વળી, ક્યારેક અલી મચ્છીમારનો મિત્ર બની જતો.

પણ જ્યારે જીવનસંધ્યા પહોંચતી લાગી ત્યારે આ શિકારી અચાનક બીજી દિશામાં વળી ગયો. એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ. એના જમાઈને લશ્કરમાં નોકરી હતી તેથી તે પંજાબ તરફ તેની સાથે ગઈ હતી અને જેને માટે તે જીવન નિભાવતો હતો તે મરિયમના છેલ્લાં પાંચ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહિ. હવે અલીએ જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે? પહેલાં તો એ તેતરનાં બચ્ચાંને આકુળવ્યાકુળ દોડતાં જોઈ હસતો. આ એનો – શિકારનો આનંદ હતો.

અ - ૨ વાંચો, વિચારો અને લખો :- (૦૨)

(૧) અલીના મિત્રનો વ્યવસાય ____________________

(૨) સસલા જે ઘાસમાં સ્થિર થઈ બેસતા તે ____________________

(૩) મરિયમના પતિની નોકરી જે અને જ્યાં હતી ____________________

(૪) અલીની દ્રષ્ટિની સરખામણી થઈ છે તે ____________________

અ- ૩ નીચે આપેલ શબ્દમાંથી બીજા અર્થસભર નવા શબ્દો તૈયાર કરો. (૦૨)

જીવન સંધ્યા (૧) __________ (૨) __________ (૩) __________ (૪) __________

અ-૪ 'અબોલ પશુ-પક્ષીની સંભાળ લેવી જોઈએ' - આ વિષે તમારા વિચારો રજૂ કરો. (૦૨)

આ. નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) કોણ તે કહો :

૧. બારીક નજર ધરાવનાર — ( )

૨. ડોકિયું કરનાર — ( )

૩. અત્યંત આકર્ષક છટાવાળું પ્રાણી — ( )

૪. પગ લંબાવી આરામથી બેસનાર — ( )

બાએ બબડતાં ડોકિયું કર્યું અને ખુશ થઈ ગઈ. હું પગ લંબાવી આરામથી બેઠી હતી અને ત્રણેય ઝીણકાં હરખઘેલાં થઈ રમતાં હતાં. ગેલગમ્મતના અજબગજબ ખેલ ચાલતા હોય ત્યાં ખાવાનું કોને યાદ આવે ? આમેય બિલાડી એક અત્યંત આકર્ષક છટાવાળું પ્રાણી છે. એના ઠાઠની તો શી વાત કરવી ! જેણે પાળ્યું હોય કે નજીકથી જોયું હોય એ જ જાણે. ટટ્ટાર ડોક રાખી, લાંબા પગ કરી નિરાંતે બેઠી હોય ત્યારે વાઘની નાની આવૃત્તિ લાગે, એકાગ્ર ચિત્તે પંજો ભીનો કરીકરીને મોં સાફ કરતી હોય ત્યારે અરીસો ધરવાનું મન થઈ આવે, કોઈ પણ ચીજને અપાર કુતૂહલથી, બારીક નજરે એવું જુએ કે દુનિયાનો શ્રેષ્ઠ જાસૂસ પણ બાજ પર ને સાવ અમસ્તી મજાકમાં પોતાની જ પૂંછડી પકડવા જે રીતે ગોળગોળ ફરે તે જોઈને તો હસીહસીને બેવડ થઈ જવાય. મને તો કદી સમજાયું નથી કે આવા રૂપાળા પ્રાણીને જોઈને કોઈને હડહડ કરી ભગાડવાનું મન જ શી રીતે થાય.

(૨) ક્યારે તે લખો (૦૨)

૧. અરીસો ધરવાનું મન થઈ આવે ________

૨ હસી હસીને બેવડ વળી જવાય ________

(૩) નીચેના વાક્યોને ઘટનાક્રમ અનુસાર ગોઠવો (૦૨)

૧. એના ઠાઠની તો શી વાત કરવી.

૨. ગેલગમ્મતના અજબગજબ કહે ચાલતા હોય.

૩. બાએ બબડતાં ડોકિયું કર્યું અને ખુશ થઈ ગઈ.

૪. ત્યારે અરીસો ધરવાનું મન થઇ આવે.

(૪) તમને કયા પશુઓ પાલવ ગમે અને શા માટે તે લખો. (૦૨)

ઈ. નીચેનો ગદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) કોષ્ટક પૂર્ણ કરો (૦૨)

(૧) હોટેલ ઓબેરોયમાં ઉતરનાર નામાંકિત વ્યક્તિઓ (૦૧)

(૨) ગદ્યાંશમાં ઉલ્લેખાયેલ બે દેશના નામ (૦૧)

મુંબઈની મશહૂર હોટેલ ઑબેરાયનું નામ આખી દુનિયા જાણે છે. મુંબઈના નાક જેવી આ હોટેલમાં ડિ'બિયર્સની ડાયમન્ડ કિંગ ઓપનહેમર ઊતરે છે અને દલાઈ લામા પણ ઊતરે છે. મુંબઈ શહેરનું ગૌરવ ગણાતી આ હોટેલના સ્થાપક રાયબહાદુર મોહનસિંહનો ૧૦૩ વર્ષની ઉંમરે સ્વર્ગવાસ થયો. ઇંગ્લેન્ડમાં જન્મ્યા હોત તો ત્રણ વર્ષ પહેલાં એ સો વર્ષના થયા ત્યારે ઇંગ્લેન્ડની રાણીએ એમને રૉયલ ગિફ્ટ અને ફૂલો મોકલ્યાં હોત. એક જમાનામાં હિન્દુસ્તાનના ભાગલા નહોતા પડયા ત્યારે લાહોર નજીકના પંજાબી ગામ ભાઉંમાં બ્રિટિશ પ્રજા તરીકે મોહનસિંહનો જન્મ થયો. મોહનસિંહ હજી માત્ર છ મહિનાના હતા ત્યારે એમના પિતા સરદાર અત્તરસિંહ પેશાવરમાં ટ્રેનના પાટા નાખતા હતા ત્યાં નોકરી શોધવા ગયા હતા. ત્યાં એમને ફલુ લાગુ પડયો અને એક બાળક તથા ૧૮ વર્ષની વિધવા પત્ની ભાગવંતીને છોડીને દુનિયામાંથી રવાના થઈ ગયા.

વિધવા તરીકે સાસરિયાનાં અપમાન સહન કરવાને બદલે ભાગવંતી એના પિતા ગરબારાસિંહને ગામ ચાલી ગઈ. મોહનસિંહ ઑબેરાયના નાના ગરબારાસિંહ ગામડાના ખેડૂતોને ધીરધાર કરતા. ભાઉ ગામનાં મોટા ભાગના પંજાબી યુવાનો બ્રિટિશ લશ્કરમાં ભરતી થઈ જતા. સૈનિકો પગાર મેળવે એટલે માતા-પિતાને પૈસા મોકલવાને બદલે ઑબેરાયના નાનાને (માતાના પિતા) મોકલતા અને ગરબારાસિંહ સેવિંગ્ઝ બૅન્ક જેવા બની જતા. ભાઉંનું અર્થતંત્ર સૈનિકોના મનીઑર્ડર પર ચાલતું હતું.

(૨) કોણ તે લખો. (૦૨)

(૧) હોટેલ ઓબેરાયના સ્થાપક

(૨) મોહનસિંહના પિતા


(૩) મોહનસિંહના માતા

(૪) મોહનસિંહના નાના

<u>વિભાગ - ૨ પદ્ય</u> (૧૬ ગુણ)

કૃતિ - ૨ (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

અ- ૧ આકૃતિ પૂર્ણ કરો. (૦૨)



આભમાં ઊગેલ ચાંદલો ને જીજાબાઈને આવ્યાં બાળ
બાળુડાને માત હિંચોળે : ઘણણણ ડુંગરા બોલે !
શિવાજીને નીંદરું ના'વે : માતા જીજાબાઈ ઝુલાવે.
પેટમાં પોઢીને સાંભળેલી બાળે રામ - લખમણની વાત
માતાજીને મુખ જે દીથી, ઊડી એની ઊંઘ તે દીથી ... શિવાજીને૦

પોઢજો રે, મારાં બાળ ! પોઢી લેજો પેટ ભરીને આજ-
કાલે કાળાં જુદ્ધ ખેલાશે; સૂવાટાણું ક્યાંય ન રે'શે... શિવાજીને૦

ધાવજો રે, મારાં પેટ ! ધાવી લેજો ખૂબ ધ્રપીને આજ-
રે'શે નહિ રણઘેલુડા, ખાવા મૂઠી ધાનની વેળા... શિવાજીને૦

પેરી-ઓઢી લેજો પાતળા રે ! પીળાં-લાલ પીરોજી ચીર-
કાયા તારી લોહીમાં ના'શે : ઢાંકણ તે દી ઢાલનું થાશે... શિવાજીને૦

ઘુઘરા, ઘાવણી, પોપટ, લાકડી ફેરવી લેજો આજ-
તે દી તો હાથ રે'વાની, રાતી બંબોળ ભવાની... શિવાજીને૦

(૨) આપેલી માહિતીને આધારે પદ્યાંશમાંથી જોડી શોડીને લખો. (૦૨)

(૧) માતા - પુત્ર —

(૨) મહાન વિભૂતિઓ —

(3) ચીરનાં (વસ્ત્રોનાં) રંગ —

(૪) પ્રકૃતિના તત્વો —

(3) 'શિવાજીના ઘડતરમાં જીજાબાઈનો ફાળો' વિષે તમારો માં વ્યક્ત કરો (૦૨)

(આ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો

સમાનપણે સર્વેમાં વરતવું ને,
ટાળી દેવો મનનો વિરોધ રે,
હે જી રામ, નિરમળ થઈને કામને જીતવો ને,
રાખવો અંતરમાં વૈરાગ રે,
જગતના વૈભવને મિથ્યા જાણી ને,
ટાળી દેવો દુર્જનનો રાગ,
હે જી રામ, આ લોક ને પરલોકની આશા તજવી ને,
રાખવું અભ્યાસમાં ધ્યાન રે,
તરણાં સમાન સહુ સિદ્ધિઓને ગણવી ને,
મેલવું અંતરનું માન રે,
હે જી રામ, ગુરુમુખી હોય તેણે એમ જ રહેવું ને,
વરતવું વચનની માંય રે,
ગંગાસતી એમ બોલિયાં રે પાનબાઈ,
એને નડે નહીં જગતમાં કોઈ.

(૧) કાવ્યના આધારે લખો (૦૨)

૧. સિદ્ધિઓને ગણવી ..............................

૨. મેલવું ..............................

3. તજી દેવી ..............................

૪. કામને જીતવો ..............................

(૨) નીચેના વાક્યોના કાળ પરિવર્તન કરો (૦૨)

સહુ સિધ્ધિ

૧. તરણાં સમાન [redacted]ઓને ગણી હતી (વર્તમાનકાળ)

૨. જગતના વૈભવને મિથ્યા જાણે છે. (ભવિષ્યકાળ)

(3) 'ક્રોધનાં કટુ ફળ જાણો અને સમતા રસ માણો' વિષે તમારો મત જણાવો (૦૨)

(ઈ) નીચેમાંથી કોઈપણ એક કાવ્યનો ભાવાર્થ લખો. (૦૪)

(૧) મીરાં ચરિત્ર

(૨) તમે જ તમારા ખુદા બનો.

## વિભાગ - ૩ લોકસાહિત્ય (૧૨ ગુણ)

કૃતિ - ૩ (અ) નીચેનો પદ્યાંશ વાંચી આપેલી કૃતિ કરો.

(૧) નીચેની વસ્તુ ખરીદવા માટે ક્યાં જશો તે કહો : (૦૩)

૧. ઝૂમણાં ................................

૨. ચૂડલો ................................

૩. ચૂંદડી ................................

હો રંગરસિયા ! ક્યાં રમી આવ્યા રાસ જો ?
આંખલડી રાતી ને ઉજાગરો ક્યાં રે કીધો.
આજ અમે ગ્યા'તા સોનીડાને હાટ જો, (૨)
આ ઝાલ ઝૂમણાં વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...
આજ અમે ગ્યા'તા મણિયારાને હાટ જો,
આ ચૂડલડો ઉતરાવતાં,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...
આજ અમે ગ્યા'તા કસુંબીને હાટ જો,
આ ચૂંદલડી વહોરતાં ને,
વહાણલાં વાહી ગયાં... હો રંગ...

(૨) મેળામાં કે અન્ય સ્થળે તમે જોયેલા રાસનું વર્ણન કરો. (03)

આ (૧) લખો (03)

૧ . સૂર્યદેવની પત્ની ______________

૨. બાળજન્મના છઠ્ઠા દિવસે ઉજવાતો પ્રસંગ ______________

૩. ગર્ભાધાનના સ્ટમાં મહિને ઉજવાતો પ્રસંગ ______________

(૨) ઉત્તર લખો. (કોઈ પણ એક ) (03)

૨. લોકસાહિત્ય અને શિષ્ટ સાહિત્યના તફાવતના મુદ્દા લખો

## વિભાગ - ૪ વ્યાકરણ (૧૪ ગુણ)

કૃતિ - ૪ સૂચના પ્રમાણે કરો.

(અ) સમાસનો વિગ્રહ કરી પ્રકાર લખો. (કોઈપણ બે) (૦૨)

(૧) કલા નિપુણ (૨) દેવાલય (૩) યજ્ઞવેદી

(બ) સંધિ કરો. (કોઈપણ બે) (૦૨)

૧. પરમ + ઈશ્વર = ____________

૨ વિદ્યા + અભ્યાસ = ____________

૩. પ્રતિ + એક = ____________

(ક) એક શબ્દના અનેક અર્થ લખો. (કોઈકં બે) (૦૨)

(૧) વાર = ____________ ____________

(૨) હાર = ____________ ____________

(૩) રાગ = ____________ ____________

(ડ) યોગ્ય વિરામચિન્હો મૂકી વાક્યો ફરીથી લખો. (કોઈપણ બે) (૦૨)

(૧) તે દી તો હાથ રે વાની રાતી બંબોળ ભવાની

(૨) તારે કઈ કહેવું છે ખરું અશ્વિને પૂછ્યું.

(૩) ઓહ મેં વિસ્મયથી કહ્યું

(ઈ) નીચે આપેલા યુગ્મોને યોગ્ય જગ્યાએ ગોઠવો. (૦૨)

(ઠેર ઠેર, ખાણીપીણી, વાજતેગાજતે, જીવનમરણ)

(૧) રંજનબેન ________ મીતાલીના લગ્ન કરાવીને રહ્યાં.

(૨) અનરાધાર વરસાદથી __________ પાણી ભરાઈ ગયા છે.

(૩) પાર્ટીમાં _________ નીવ્યવસ્થા બહુ જ સરસ હતી.

(૪) બીમારીથી પીડાતો દર્દી __________ વચ્ચે ઝોલાં ખાય છે.

(ઈ) નીચેના તળપદા શબ્દો માટે માન્ય ભાષાના શબ્દો લખો (૦૨)

(૧) અતાર - ________

(૨) ફાંદ - ________

(૩) વરહ - ________

(૪) વાંહે - ________

(ઉ) યોગ્ય રીતે જોડો. (૦૨)

રૂઢિ પ્રયોગો


| | |
|---|---|
| ૧ લીલી સૂકી જોવી | ૧ ઢંગધડા વગરનું |
| ૨ અંજાઈ જવું | ૨ પ્રભાવિત થવું |
| ૩ મોં- માથા વગરનું | ૩ સુખ દુઃખ વેઠવા |
| ૪ ખબર લઇ નાખવી | ૪ ધમકાવવું |

## વિભાગ - ૫ લેખન કૌશલ્ય (૧૮ ગુણ)

કૃતિ - ૫ કોઈપણ ત્રણ લખો

(અ) આવશ્યક પગથિયાંનો ઉલ્લેખ કરી 'વૃક્ષો વાવો, પર્યાવરણ બચાવો' વિષય પર બ્લોગ લેખન કરો.

(આ) મુદ્રિતશોધનના ચિન્હોનો અર્થ લખો. (૦૬)



(ઈ) તમારી કોલેજમાં આયોજિત 'હાસ્યની સરવાણી' ના કાર્યક્રમના સંચાલન માટેની સંહિતા માટે સ્વાગત, દીપ-પ્રાગટ્ય અને સ્વાગત અનુમાન ત્રણ મુદ્દા વિષે લખીને તૈયાર કરો. (૦૬)

(ઈ) તમારી કોલજમાં આયોજિત થનાર સાંસ્કૃતિક કાર્યક્રમનું વ્યવસ્થાપન માટેની રૂપરેખા તૈયાર કરો. (૦૬)

(ઉ) નીચે આપેલા પરિચ્છેદનો ગુજરાતી ભાષામાં અનુવાદ કરો (૦૬)

Through the computer we can chat with our dear ones who are thousands of miles away from us. We can send e-mail at minimum cost. Important documents, photographs and messages can be circulated in no time. Thus the world has come closer because of the computer. So friends, we must learn to operate the computer, which is user-friendly. Wish you all the best

******************************************************************************************************************